
॥ હરિઃૐ ॥



# હરિજન સંતો

પૂજ્ય શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટા હરિઃૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

# હરિજન સંતો

લેખક :

પૂજ્ય શ્રીમોટા

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિઃૐ આશ્રમ, સુરત - નડિયાદ.

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** | **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૫૪ | ૨૫૦૦ | ત્રીજી | ૧૯૮૦ | ૫૦૦૦ |
| બીજી | ૧૯૭૯ | ૨૦૦૦ | ચોથી | ૨૦૦૯ | ૩૦૦૦ |

❑ પૃષ્ઠ : ૪૮

❑ કિંમત : **રૂ. ૫/-**

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની**
ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
બી/૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના એક સમયના વિદ્યાર્થી અને તેના કારણે સૂપા ગુરુકુળના પ્રવાસમાં રાત્રિ કૅમ્પ સમયે પૂજ્ય શ્રીબાલયોગીજી મહારાજે પ્રત્યક્ષ થઈ જે અભય વચન શ્રીમોટાને આપેલું અને તેની ખાતરી કરવાની કામગીરીના સ્વરૂપે ખાડો ખોદી હોલાના મૃત શબને બહાર કઢાયાના પ્રસંગના સાક્ષી

અને

નવસારીના દૂધિયા તળાવમાં બાળકોને સહેલ કરાવવાની ભાવનાથી શ્રીમોટાએ બનાવેલ તરાપાનો ઉપયોગ તેમની ગેરહાજરીમાં બાળકોએ કરતાં, ઊભી થયેલ ઉપાધિ સમયે પણ સામેલ એવા,

તેમ જ

બોદાલ આશ્રમે પૂજ્ય શ્રીમોટાને થયેલ સર્પદંશના પ્રસંગે જેઓની ઉપસ્થિતિ હતી એવા

અને

પોતાના પરદેશના વસવાટ દરમિયાન પૂજ્ય શ્રીમોટાના સાહિત્યનો પ્રસાર કરવામાં અને દાનભેટની રકમો મેળવી હરિઃૐ આશ્રમ, સુરતને પહોંચતી કરવામાં જેઓ સક્રિય છે અને હાલ લેસ્ટર(યુ.કે.)માં 'હરિઃૐ ટ્રસ્ટ'ની રચના કરી, તે માધ્યમ દ્વારા એ પ્રવૃત્તિને વેગવંત બનાવનાર, હાલમાં જઈફ ઉંમરે પણ એ ભાવનાશીલ કામગીરીમાં સતત કાર્યરત રહેનાર,

**શ્રી નીછાભાઈ સોલંકી**ને

અને તેમનાં સદ્‌ગત ધર્મપત્ની

**શ્રીમતી માણેકબહેન સોલંકી**ને

પૂજ્ય શ્રીમોટા રચિત **'હરિજન સંતો'**ની આ ચોથી આવૃત્તિ સમર્પિત કરતાં અમો ધન્યતાની લાગણી અનુભવીએ છીએ.

નાતાલ — **ટ્રસ્ટીમંડળ,**

તા. ૨૫-૧૨-૨૦૦૯ — **હરિઃૐ આશ્રમ, સુરત.**

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

આ નાનકડી ચોપડીમાં વર્ણવેલા તથા એવા પ્રકારના બીજા હરિજન સંતભક્તો અનેક પ્રકારની હાડમારી અને હેરાનગતિમાં પણ જીવનના સત્ત્વને ભૂલ્યા નથી. જોકે તેઓ સમાજના નીચલામાં નીચલા થરમાં જન્મ્યા હતા, તેમ છતાં દૈવી પ્રકાશનાં કિરણોને તેમની નાની અવસ્થામાંથી જ તેમણે ગ્રહણ કરી લીધેલાં હતાં. શ્રદ્ધા અને ભક્તિ તરફ એમનાં હૃદય ખુલ્લાં થયેલાં હતાં. શ્રીપ્રભુને તેઓ સર્વ રીતે અને સર્વ પ્રકારે અને સર્વ ભાવે સમર્થ માનતા. તેઓ ભજનો ગાતા, ઉત્તમ પદો બનાવતા, ઉપદેશ કરતા અને શ્રીપ્રભુને ગદ્ગદ કંઠે પ્રાર્થના કરતા. આમ હોવા છતાં પણ આવા હરિજન સાધુ પુરુષો વિશે હૃદયનો પ્રેમ-આદર કેળવવો અને એવો વિચાર કરવો એ પણ ઉચ્ચ વર્ણના અંધશ્રદ્ધાળુઓ માટે અસહ્ય હતું. આવા હરિજન સંતભક્તોનો તિરસ્કાર કરવામાં આવ્યો છે, તેમનું અપમાન કરવામાં આવ્યું છે, પવિત્ર સ્થળો અને ઘરોમાંથી ઢોરની માફક તેમને હાંકી કાઢવામાં આવ્યા છે, તેમ છતાં આ સાધુ આત્માઓ જરા પણ ડગ્યા નથી. આવી હાડમારીઓ, આવો તિરસ્કાર, આવી હેરાનગતિ, તથા અનેક કનડગતોની વચ્ચે પણ તેઓ તેમની શ્રદ્ધાને વળગી રહ્યા હતા. તેમના હૃદયમાં જે પ્રકાશ પ્રકાશી રહ્યો હતો, તેના સૂચવેલા માર્ગે આગળ જવાને તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા છે. જે લોકો તેમની કનડગત કરતા, તેમના વિશે કંઈ પણ મનમાં ઈતરાજી કે રાગદ્વેષ તેઓએ રાખ્યાં નથી. આ હકીકત હાલના જમાનાના આપણે બધાં હરિજનોએ ખાસ લક્ષમાં રાખવાની છે. હૃદયની સદ્ભાવના, આદર અને સમભાવ જીવતો-જાગતો આપણા હૃદયમાં સવર્ણ ગણાતા વર્ગ પરત્વે જાગી ગયેલો હોવો જોઈશે, તો જ આપણે તેમનાં દિલ પિગળાવી શકીશું.

કોઈનાયે જીવનનો પલટો કરાવવાને કાજે આપણે પોતે જ આપણા જીવનને સંપૂર્ણપણે પલટાવી નાખવું પડશે. જીવનમાં ઊંડો ઉત્કટ પ્રેમભાવ પ્રગટ્યા વિના આપણે કંઈ કશું કરી શકવાના નથી, એનું પ્રભુકૃપાથી આપણને યોગ્ય ભાન જાગો એવી હૃદયની પ્રાર્થના છે.

ઉપલા પ્રકારના હરિજન સંતભક્તોની જીવનમાં પ્રગટેલી જીવતીજાગતી નમ્રતા, ભક્તિ અને સંપૂર્ણ સાધુતા હંમેશને માટે ધાર્મિક ઈતિહાસમાં તેમને અમર સ્થાન અપાવશે. આપણા ઈતિહાસમાં ઘણા ઘણાયે વિવિધ પ્રકારનો અને અનેક રંગી ફાળો આપ્યો છે. ઘણા ઉમદા અને સાત્ત્વિક સાધુઓ, મહાન તત્ત્વચિંતકો અને તે તે સમયના યુગાવતાર સમા મહાપુરુષોએ આ મહાન આર્યપ્રજાના જીવનને ઘડ્યું છે. એ ફાળામાં આ હરિજન સંતભક્તોનો અનેરો ફાળો સમાયેલો છે. ધર્મના પ્રદેશમાં શ્રીબુદ્ધ અને શ્રીશંકર ભગવાન તથા એવા બીજા ધર્માચાર્યો મહાન નદીઓ જેવા છે, તો આ નાના નાના હરિજન સંતભક્તો નિર્મળ ઝરા સમાન તો છે જ. કોઈ ભૂલો પડેલો થાક્યોપાક્યો તરસ્યો મુસાફર કે થાકેલો ખેડૂત એના કિનારે બેસી એનાં ઠંડાં અમૃત જેવાં જળ પી પી પોતે તાજો બનશે, નવીન જીવનની પ્રેરણા તે એમાંથી મેળવશે. આવા સંતભક્તોનો જે વર્ગમાંથી જન્મ થયો છે, તે લોકો તો બિચારા હજીયે અજ્ઞાન અને દુઃખમાં ડૂબેલા છે. તેમનો વસવાટ હજીયે ખંડેર જેવાં ઝૂંપડાંમાં છે. તેમનાં જીવન ગરીબાઈ અને દુઃખથી ભરેલાં છે. ઉચ્ચ ગણાતા સમાજ તરફથી હજીયે તેમની કનડગત અને હેરાનગતિ થાય છે. એમાંના નંદ, ચોખામેળા, રવિદાસ અને હરિદાસ જેવા અનેક સાધુ પુરુષો હજીયે તેમનામાં છે. તેઓ શાંતિથી દુઃખો સહન કરી, રાગદ્વેષાદિ ત્યજી, સર્વ પરત્વે સદ્ભાવ અને સમતાથી વર્તી પોતાનું જીવન વ્યતીત કરે છે. આ દુઃખ પામેલા પવિત્ર સંતભક્તોની સાત્ત્વિક જીવનની સ્મરણગાથા આપણને આપણા ધર્મનું યોગ્ય જ્ઞાનભાન કરાવો એ જ પ્રાર્થના છે

ગાંધી આશ્રમ, સાબરતમતી — **મોટા**

તા. ૧૨-૨-૧૯૫૪

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

સને ૧૯૩૨ની જેલયાત્રામાં પૂજ્ય શ્રીમોટાએ આ **'હરિજન સંતભક્તો'**ની ગાથા લખેલી. તેમણે તે સંતભક્તોનાં જીવનચરિત્રો વિશે કોઈ પુસ્તકમાં વાંચેલું હશે, તે ઉપરથી તેમણે આશ્રમનાં બાળકો માટે આ સ્મરણગાથા લખેલી હતી. તેમાં લખેલાં ભજનો અને પ્રાર્થનાઓ તેમનાં પોતાનાં તે સમયમાં બનાવેલાં છે. એની પ્રથમ આવૃત્તિ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર, અમદાવાદ તરફથી પ્રગટ થયેલી. તેને ૨૫ વર્ષ થયાં. અનેક સ્થળોએથી આ પુસ્તકની માગ વારંવાર થતી હતી. તેથી, તેની આ બીજી આવૃત્તિ પ્રગટ કરતાં અમને આનંદ થાય છે.

આ પુસ્તકનું તમામ ખર્ચ એક સદ્‌ભાવી સજ્જને સહર્ષ આપ્યું છે. તે માટે અમો તેમના ઘણા ઘણા આભારી છીએ. સત્કર્મોમાં અપાતાં નાણાંનો બદલો શ્રીહરિ સૌને એની અકળ રીતે આપે જ છે. પ્રભુના આશીર્વાદ તેમના ઉપર ઊતરો એ પ્રાર્થના છે.

પૂજ્યશ્રીનાં સાહિત્યનાં વેચાણમાંથી ઉપાર્જન થતાં નાણાં પણ લોકકલ્યાણનાં કાર્યો અને હવે તો વિશેષ કરીને ગરીબ ગ્રામવિસ્તરનાં ગામોમાં પ્રાથમિક શાળા બાંધવામાં જ વપરાય છે, એ તો સૌને સુવિદિત છે.

હરિઃૐ આશ્રમ, નડિયાદ
તા. ૧-૧૨-૧૯૭૮

**નંદુભાઈ શાહ**
મૅનેજિંગ ટ્રસ્ટી

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

સને ૧૯૩૨ની જેલયાત્રામાં પૂજ્ય શ્રીમોટાએ આ **‘હરિજન સંતભક્તો’**ની ગાથા લખેલી. તેમણે તે સંતભક્તોનાં જીવનચરિત્રો વિશે કોઈ પુસ્તકમાં વાંચેલું હશે, તે ઉપરથી તેમણે આશ્રમનાં બાળકો માટે આ સ્મરણગાથા લખેલી હતી. પ્રથમ બે આવૃત્તિમાં લખેલાં ભજનો અને પ્રાર્થનાઓ તેમનાં પોતાનાં તે સમયમાં બનાવેલાં હતાં. એની પ્રથમ આવૃત્તિ સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, ભદ્ર, અમદાવાદ તરફથી પ્રગટ થયેલી, તેને ૨૫ વર્ષ થયાં. અનેક સ્થળોએથી આ પુસ્તકની માગ વારંવાર થતી હતી. તેથી, તેની બીજી અને આ ત્રીજી આવૃત્તિ પ્રગટ કરતાં અમને આનંદ થાય છે.

આ પુસ્તકનું તમામ ખર્ચ એક સદ્ભાવી દંપતી શ્રીમતી સુશીલાબહેન અમીને અને ઠાકોરભાઈ અમીને સહર્ષ આપ્યું છે, તે માટે અમો તેમના ઘણા ઘણા આભારી છીએ. સત્કર્મોમાં અપાતાં નાણાંનો બદલો શ્રીહરિ સૌને એની અકળ રીતે આપે જ છે. પ્રભુના આશીર્વાદ તેમના ઉપર ઊતરો એ પ્રાર્થના છે.

પ્રસ્તુત આવૃત્તિ મહદ અંશે બાળકોને નજર સમક્ષ રાખીને છપાવી છે. એટલે પૂજ્ય શ્રીમોટા રચિત ભજનો બાળકોને ગ્રાહ્ય ન બને એવા વિચારથી આ આવૃત્તિમાં લીધાં નથી. પૂર્વેની આવૃત્તિમાં એ બધાં ભજનો હતાં.

પૂજ્યશ્રીનાં સાહિત્યનાં વેચાણમાંથી ઉપાર્જન થતાં નાણાં પણ લોકકલ્યાણનાં કાર્યોમાં અને હવે તો વિશેષ કરીને ગરીબ ગ્રામવિસ્તારનાં ગામોમાં પ્રાથમિક શાળા બાંધવામાં જ વપરાય છે, એ તો સૌને સુવિદિત છે.

હરિઃૐ આશ્રમ, સુરત — **નંદુભાઈ શાહ**

તા. ૨૪-૩-૧૯૮૦, રામનવમી — મૅનેજિંગ ટ્રસ્ટી

॥ હરિ:ૐ ॥

# નિવેદન

## (ચોથી આવૃત્તિ)

સને ૧૯૩૨ની જેલયાત્રા દરમિયાન પૂજ્ય શ્રીમોટાએ લખેલ **'હરિજન સંતો'**નું પુસ્તકરૂપે પ્રથમ પ્રકાશન સને ૧૯૫૪માં સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર, અમદાવાદ દ્વારા થયેલ. તે પછી લગભગ ૨૫ વર્ષ બાદ સને ૧૯૭૯માં તેની બીજી આવૃત્તિ થઈ હતી અને તે પછી બીજા જ વર્ષે સને ૧૯૮૦માં તેની ત્રીજી આવૃત્તિનું પ્રકાશન થવા પામેલું.

પૂજ્ય શ્રીમોટા વિરચિત જે ભજનોનો સમાવેશ પ્રથમ અને બીજી આવૃત્તિમાં થયો હતો તેનો, બાળકોના સરળ વાંચનને સુગમ બનાવવાની ભાવનાથી ત્રીજી આવૃત્તિમાં સમાવેશ કરાયો ન હતો. હવે, આ ત્રીજી આવૃત્તિનું જ પુન:પ્રકાશન હોવાથી અગાઉ નહિ સમાવાયેલ ભજનો આ આવૃત્તિમાં પણ લેવાયાં નથી. હાલમાં આ પ્રકાશનની પ્રતો ઉપલબ્ધ ન હોવાથી અને પૂજ્ય શ્રીમોટા રચિત સાહિત્ય ઉપલબ્ધ રહે તેવી ભાવનાથી પ્રેરાઈને આ પ્રકાશન કરતાં અમો આનંદની લાગણી અનુભવીએ છીએ.

આ પુસ્તિકાની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્ભાવપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઇટલ ડિઝાઇનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તિકાને પૂરા સદ્ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

નાતાલ **ટ્રસ્ટીમંડળ,**

તા. ૨૫-૧૨-૨૦૦૯ **હરિ:ૐ આશ્રમ, સુરત.**

# અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ૧. | રવિદાસ | ૧૧ |
| ૨. | ચોખામેળા | ૨૧ |
| ૩. | હરિદાસ | ૩૫ |

# હરિજન સંતો

❑

**પૂજ્ય શ્રીમોટા**

## ‘હું સર્વત્ર વિદ્યમાન છું.’

‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

**- શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# હરિજન સંતો

## ૧ : રવિદાસ

### ભારતની ઘોર નિદ્રા

ભારતવર્ષમાં પહેલાં કદીયે ન જોયેલી અને ન થયેલી એવી ધાર્મિક ઊથલપાથલો મધ્યકાલીન યુગમાં થઈ. સમય પણ એવી કટોકટીનો જ હતો. કોઈ એક મોટા એવા ભૂકંપની પૂર્વતૈયારી થઈ ચૂકી હતી. ત્યારે જે રાજાઓ હતા તે પણ પ્રજાને રંજાડતા. અવ્યવસ્થા, જુલમાટ અને ભયની નિશાનીઓ પ્રત્યેક મનુષ્યના ચહેરા પર કોતરાયેલી દેખાતી, પરંતુ આના કરતાંયે મનુષ્યના જીવન પર જે કચરો-મેલ ચઢ્યો હતો અથવા જે મલિન આવરણ છવાયેલું હતું, તે તો બધું હિસાબ વગરનું હતું. મિથ્યા કર્મકાંડ અને વહેમનું સામ્રાજ્ય જ્યાં ત્યાં બધે સ્થપાયેલું હતું. લોકહૃદયમાંથી વિશ્વાસ અને શ્રદ્ધા ઓસરવાં લાગ્યાં હતાં.

### અંધારી રાતે સંતોની દીપજ્વાલા

પણ કોણ જાણે કેમ એક જબરજસ્ત પ્રયત્ન કરી, પોતાની આળસ ખંખેરી નાખી ભારતવર્ષ એકદમ જાગૃત બની ગયો. પોતાના બળને સમગ્રપણે એણે સંગઠિત કર્યું, અને ધર્મનું સાચું સ્વરાજ પ્રગટાવવા માટે તનતોડ પ્રયત્ન કરવા લાગ્યો. ધર્મના પરિવર્તનની તે હિલચાલોમાં અનેક સંતભક્તોએ કોઈ ચમત્કારભર્યો ભાગ ભજવ્યો છે. પ્રજા પ્રજા વચ્ચે જાગેલા વેરને ભુલાવી બધાંને એક રંગે રંગવાના અને એકદિલે થવાના પ્રયાસો થવા લાગ્યા. સંત રામાનંદે આમાં પહેલ કરી ગણાય. એમના પછી એમના પવિત્ર શિષ્ય કબીરે આ પ્રવૃત્તિને ખૂબ આગળ

ધપાવી. શ્રીરામાનંદ એક નિર્ભય મનના, અતિપવિત્ર, ધાર્મિક, આધ્યાત્મિક, વીર પુરુષ હતા. એમના સમયમાં અનેક ધાર્મિક સંસ્થાઓમાં જે સડો અને અન્યાય પ્રવર્તતા હતા, એ જોઈ એમનું હૈયું ધગધગી ઊઠતું. કેટલીક વાર તેમને મનમાં ઉદ્વેગ પણ થતો. કબીરે જે એક નવો ધાર્મિક વર્ગ ઊભો કર્યો હતો, તે એવા કોઈ વિરોધના જુસ્સામાંથી જ જન્મ પામેલો હશે. હિંદુ, મુસલમાન, શીખ, હરિજન વગેરે સર્વ એક જ વર્ણના છે, સંસ્કારે ભલે ભેદ હોય, એવું તે માનતા અને તેનો પ્રચાર કરતા.

## શ્રીરામાનંદનો સવિનય અનાદર

સાધુઓના સામાન્ય સ્થિતિમાંના કોઈ સંઘના શ્રીરામાનંદ એક સાધુ હતા. સારાય દેશમાં ઘણે ઠેકાણે યાત્રાઓ કરી કરી, તે જ્યારે મઠમાં પાછા પધાર્યા, ત્યારે મઠના બીજા સાધુઓએ વાંધો ઉઠાવ્યો કે એમણે આપણા સંઘના ઘણા નિયમોનો ભંગ કર્યો હશે. આથી, બીજા સાધુઓથી શ્રીરામાનંદને જુદા રહેવાનું ફરમાવવામાં આવ્યું. આ હુકમનો તેમણે સવિનય અનાદર કરી પોતે તે સાધુઓના સંઘમાંથી નીકળી ગયા અને નવી વર્ણપદ્ધતિ શરૂ કરી. પછી તો સારાયે ભારતવર્ષમાં એનો પ્રચાર થવા લાગ્યો.

## સંત કબીરની ધાર્મિક એકતા

એમના પછી ભક્ત કવિ કબીર થયા. જીવનમાં એ નિર્ભય થયેલા હતા. સમાજનાં ખોટાં બંધનો અને અયોગ્ય રૂઢિઓને તોડીફોડીને ભૂકો કરી નાખવા તે હંમેશાં તૈયાર રહેતા. 'આ સર્વ જગત પ્રભુમય છે, તો પછી આ બધા ભેદ શા !' એવા તત્ત્વજ્ઞાનનો બોધ પોતાના જીવનના વણતરમાં એમણે વણી લીધો હતો. પોતાનું આખુંયે જીવન આ મહાન કાર્યમાં તેમણે સમર્પેલું હતું. પોતાના

સમગ્ર બળથી, જુસ્સાથી, ઉત્સાહથી, ખંતથી, સાહસથી, હિંમતથી, ધીરજથી તેમણે તે કામ કરવા માંડ્યું. હિંદુ, મુસલમાન, શીખ અને બીજી કોમોને એમણે પોકારી પોકારીને કહ્યું કે 'તમે એક જ સર્વવ્યાપક અને સત્યમય પ્રભુને ભજો.' એમના પંથનો પ્રચાર ચારે દિશામાં ફેલાવા લાગ્યો. નાનકે પંજાબમાં એવા જ એક નવા ધર્મનાં બીજ વાવ્યાં. આથી, જગતમાં ધાર્મિક ઐક્યની લાગણી પ્રગટવા લાગી. પ્રજા સંગઠિત બની. વેરભાવ ઘટવા લાગ્યો. માંહોમાંહેનો કલહ ઘટ્યો અને તેમના ધાર્મિક પંથના માણસોમાં એક જાતની નવીન ધાર્મિક ઉત્સાહજનક મર્દાનગીભરી જાગૃતિ પ્રગટી. એ કોમ સંગઠિત રીતે, સહકાર બળથી, ધર્મને જ પોતાનું સર્વસ્વ સમર્પણ કરવાને હૃદયથી તત્પર રહેતી.

## શ્રીચૈતન્ય મહાપ્રભુ

આવી જ રીતે બંગાળમાં શ્રીચૈતન્ય મહાપ્રભુએ પ્રચાર કર્યો. ભક્તિનો સુલભ માર્ગ એમણે સૌને બતાવ્યો. એમની ધર્મ-ભાવનામાં ઊંચ કે નીચનો ભેદ ક્યાંય ન હતો. બધાંને એકસરખો સમાન અધિકાર હતો. આ ચેતનાથી કરી બંગાળ અને ભારતનો પૂર્વ કિનારો અજ્ઞાનની ઊંઘ અને આળસ છોડી જીવનને ઘેરી રહેલા તમસને ભગાડવાને જાગી ઊઠ્યો. મધ્ય હિંદુસ્તાનમાં શ્રીરામાનંદ અને શ્રીકબીરના પ્રચારથી અનેક સંતભક્તો પેદા થયા. તેમણે પોતાના ચારિત્ર્યબળથી અને ભક્તિથી પ્રજાને વર્ણ વર્ણ વચ્ચેના ભેદ ભુલાવવામાં ખૂબ પ્રેરણા આપેલી છે.

## નીચલા થરની ગણાતી કોમોમાં પણ ધાર્મિક ચેતના

આવા ઉપર પ્રમાણેના પ્રચારથી ભારતવર્ષની નીચલા થરની ગણાતી કોમોમાં પણ ધાર્મિક જાગૃતિનું એક નવું પ્રચંડ મોજું ફેલાઈ

ગયું. એમને પણ પ્રભુની સેવાભક્તિનો હક્ક છે, એમને પણ આત્મા છે, આત્માની વેલ છે, એમને ફૂલવા ફાલવાનો અધિકાર છે, અને એમનુંયે જીવન પુષ્પની પેઠે ખીલવાને માટે સમાન સંજોગો અને સમાન અધિકાર માગી લે છે. આવા પ્રકારના પ્રચારથી એમનામાં વિશ્વાસના અંકુરો ફૂટવા લાગ્યા. રેતીના રણ જેવા એમના સૂકા જીવનમાં એમને હવે કંઈક રસ પડવા લાગ્યો. જીવનમાં આનંદ છે, આહ્‌લાદ છે, જીવન જીવવા જેવું છે, એમ તેમણે પ્રથમવાર જીવનમાં અનુભવ્યું. આવી નીચલા થરની ગણાતી કોમોમાંની ચમાર કોમમાં પંદરમા સૈકામાં એક એવો સાધુ પુરુષ પાક્યો કે જેનું પુણ્ય સ્મરણ ઉલ્લસિત હૃદયે પ્રેમભક્તિભાવથી આજે પણ સમાજ કરી રહેલો છે.

## સંત રવિદાસે નવી જ કોમ ઊભી કરી

આ સાધુ પુરુષનું નામ રવિદાસ હતું. એમના જીવનની કથા સાથે ઘણી ચમત્કારિક દંતકથાઓ વણાઈ ગયેલી છે. તે સાચી હોય કે ખોટી હોય, પરંતુ એ ઉપરથી એટલું તો ચોક્કસ છે કે એમના સમયમાં એ ઘણા વિખ્યાતિ પામેલા તો હશે જ. તેમનાં કેટલાંક ભજનકાવ્યો આદિ શ્રીગ્રંથસાહેબમાં સ્થાન પામેલાં છે અને આ દિવસે પણ એમનાં ભજનો કાશીમાં ગવાય છે. એમ કહેવાય છે કે રવિદાસે પોતાની કોમોમાંથી એક નવીન જાતિ ઉત્પન્ન કરી હતી અને એને આચારવિચારથી અને ભાવનાથી શુદ્ધ બનાવી હતી. ભક્તમાળામાં શ્રીરવિદાસનું ચરિત્ર સુંદર રીતે આલેખાયેલું છે.

## શ્રીરવિદાસનો ચમારનો ધંધો

શ્રીરવિદાસ હિંદુ જાતિમાં નીચી ગણાતી એક કોમમાં જન્મ્યા હતા. એમનો ધંધો ચામડાં કેળવવાનો હતો. ગરીબ માણસને ઘેર ઊછર્યા હતા. એમના ધંધામાં તે પારંગત હતા. નાનપણથી જ રવિદાસ દૃઢ અને આગ્રહી સ્વભાવના હતા. ચામડાં કેળવતાં કેળવતાં તે પ્રભુસ્મરણ કરતા અને ભજનો ગાતા.

પ્રભુને હૃદયના સાલતા દર્દથી ઘણી વાર તેઓ પ્રાર્થના કરતા, અને ઘણીયે વાર તેવા ભાવની તલ્લીનતામાં લય પામી જતા. ધંધામાંથી જે કંઈ થોડોઘણો નફો મળતો, તે સાધુસંતોને તે વહેંચી આપતા.

## દુઃખમાંયે શ્રદ્ધા તથા સેવા

પરંતુ ભાગ્યવશાત્ દેશમાં દુષ્કાળ પડ્યો. તેને કારણે આપણા આ ગરીબ રવિદાસને બહુ દુઃખ વેઠવું પડ્યું. અનેક દુઃખની પરંપરાઓમાંથી તેમને પસાર થવું પડ્યું. જીવનની આવી કટોકટીના પ્રસંગે પણ તેમણે કોઈની પાસેથી કશું લીધું નથી, ઊલટું પોતે ઘણાંનું પોષણ કર્યું છે. કેટલીક વખત એમણે જાતે ભૂખ્યા રહીને પણ બીજાંઓને જિવાડ્યા છે. પોતાના જીવનના અતિવિકટ પ્રસંગોમાં એ પ્રભુને ભૂલ્યા નથી. દુઃખની ઉત્કટમાં ઉત્કટ કસોટીએ ચઢ્યા હોવા છતાં એમનો પ્રભુ પરનો વિશ્વાસ વધારે દૃઢ અને તેજસ્વિત બન્યો હતો. પોતાનું સર્વસ્વ એમણે પ્રભુચરણે સમર્પણ કરેલું હતું.

હૃદયના સાલતા દર્દે તે વેળા તેઓ પ્રભુને પ્રાર્થના કરતા. પોતાનું પ્રત્યેક કર્મ પ્રભુને સાક્ષી રાખીને તે કર્યા કરતા. ગરીબ, ભૂખ્યા માનવ બંધુઓને નિહાળી તેમનું હૃદય કકળી ઊઠતું. પોતે

જ્યારે અતિશય દુ:ખથી પીડાતા, ત્યારે તે પરમ કૃપાળુ પ્રભુને પ્રાર્થના કરતા કે 'પ્રભો ! એવાં તે અમારાં શાં પાપ છે, કે આવાં કારમાં દુ:ખ અમારે સહન કરવાં પડે છે !' પણ પાછા ભજનો પોતાની જાતને સંબોધીને ગાતા પણ ખરા.

એમ કરીને પોતે પ્રભુચરણમાં જ્ઞાનભક્તિભાવે સંપૂર્ણ રીતે સમર્પણ થઈ જવા, અને એના જ ભરોંસે પોતાની જીવનનૌકા ચલાવવા સતત હૃદયથી એકધારો પ્રયત્ન કરતા.

## એકનિષ્ઠાની કસોટી

શ્રીરવિદાસને સાંસા પડવા લાગ્યા, ત્યારે લોકોક્તિ એમ કહે છે કે ભગવાને એક વૈષ્ણવના વેશે રવિદાસને પારસમણિ આપ્યો, પરંતુ તેમણે તે તરફ કંઈ ધ્યાન આપ્યું નહિ અને ગાવા લાગ્યા કે :-

'પ્રભુનું નામ એ જ મારે મોટામાં મોટો ભંડાર છે. કદી તે ખુટાડ્યો ખૂટ્યો નથી. દિવસે દિવસે તે વધે છે, અને ખૂબી તો ત્યાં છે કે જેમ જેમ તે ખરચીએ, તેમ તેમ તે વધે છે. મારી માલમિલકત કે લક્ષ્મી-જે કહું તે-એક શ્રીપ્રભુ પોતે જ છે, તો હવે એ માયાના પારસમણિ પથ્થરની મારે શી જરૂર ?' એમ જાણી પેલા ચમત્કારી પથ્થરને તેમણે તો ફગાવી દીધો.

## મારે તો કૃપા જ જોઈએ છે

તેમ છતાં પણ ભક્તો જેને પ્રાણથી પણ અધિક વહાલા છે, એવા તે પરમ કૃપાળુ શ્રીપ્રભુએ રવિદાસને સોનાનું દાન લેવાને ખૂબ આગ્રહ કર્યો, પણ તેમનું મન માનતું ન હતું. કાંચન અને કામ ભક્તના માર્ગમાં આડખીલીરૂપ છે. મારા પ્રિય પ્રભુથી મને વિખૂટો પાડે એવું તે દાન જો લઉં, તો પછી મારા જેવો ગરીબ કે

જે સારાયે સમાજમાં તિરસ્કૃત થયેલો છે, તેને ક્યાં સ્થાન રહે ? ના, ના, પ્રભો ! મારે એવું કંઈ જ જોઈતું નથી. મારે તો માત્ર જોઈએ છે, એક તારી કૃપા.

## અમંગળ શંકાઓનું નિરસન

કેટલાક દિવસ પછી શ્રીરવિદાસને અમંગળ શંકાઓ થવા લાગી, અને એમના મનમાં કોઈ દૈવી કોપની ભીતિ પેઠી.

## પ્રભુદત્ત મંદિરના પૂજારી

આખરે કોઈ દૈવી અવાજે, પ્રભુ જે દ્રવ્ય આપે છે, તે લઈ લેવા તેમને જણાવ્યું. એ દ્રવ્યથી પ્રભુનું મંદિર બનાવવાનું સૂચવ્યું. તેમણે તે પૈસાથી એક સુંદર, ભવ્ય અને કલાત્મક મંદિર બંધાવ્યું. આ મંદિરમાંના ભગવાનના તેઓ પોતે જ પૂજારી બન્યા. એ રીતે તેઓ સાધુ-સંતભક્તોમાં ખૂબ જાણીતા થયા.

શ્રીરવિદાસ કેટલીક વાર પ્રભુની ગદ્‌ગદ કંઠે પ્રાર્થના કરતા, પ્રભુને મોટા સ્વરે બોલાવતા, કેટલીક વારા ગાંડા જેવા બની જતા અને જાણે કે પ્રભુને ઠપકો ન દેતા હોય તેમ બોલતા.

આમ, તે સતત હૃદયમાં હૃદયથી વલવલાટ અને કાલાવાલા કર્યા કરતા.

એમ વારંવાર હૃદયમાં હૃદયથી પ્રાર્થના કરી કરી શ્રીપ્રભુને ગદ્‌ગદ ભાવે તેઓ વીનવતા. એમના હૃદયની ભક્તિનો ભાવ, જે જે તેમને સાંભળતા, તેમને સ્પર્શતો. એમની ફૉરમ ક્યાંય સુધી ફેલાઈ ગયેલી હતી.

## ભક્તને કષ્ટ તો પડે જ

પરંતુ આ બધી અવસ્થાઓ સહેલાઈથી એમની એમ કંઈ પસાર થયેલી ન હતી. પ્રત્યેક ડગલે ડગલે એમને વિરોધ સહન

કરવો પડતો. ઉચ્ચ ગણાતો વર્ગ એમને ઘણું ઘણું ધમકાવતો, હેરાન કરતો અને પજવતો. એમની અનેક પ્રકારે ઠઠ્ઠામશ્કરી પણ કરતો. ચમાર, તે વળી મંદિર બંધાવનાર કોણ ! અને વળી એ પાછો પ્રભુનો પૂજારી બને ! અરર ! હવે તો હડહડતો કલિયુગ આવ્યો. ધર્મનું સત્યાનાશ જવા બેઠું છે ! સમાજના ઘણાયે લોકો એમને અનેક રીતે સતાવતા. એમના પ્રત્યેક કાર્યમાં તેઓ વિઘ્ન નાખતા અને એમને આડખીલીરૂપ બનતા. એમની સાથેનો સઘળો સહકાર પણ સમાજે બંધ કર્યો હતો. તેમ છતાં પણ, લીધેલું કામ ગમે તેટલી મુશ્કેલી હોવા છતાં પણ પાર પાડવું, એવા એ મરણિયા નિર્ધારવાળા, દઢાગ્રહી સ્વભાવવાળા હતા. પ્રભુ પર એમને અપાર શ્રદ્ધા અને વિશ્વાસ હતાં, તેથી તે ડગ્યા નહિ.

**સત્યાનાશ !**

આથી, તે સ્થળના બ્રાહ્મણો, પંડિતો ખૂબ મૂંઝાયા. તેમનું કાસળ કાઢી નાખવાને કાજે કંઈક યુક્તિઓ શોધવા અને રચવા લાગ્યા. આખરે તેમને એક ઈલાજ જડી આવ્યો. તેઓ તેમના રાજા પાસે ગયા અને ફરિયાદ કરવા લાગ્યા કે 'મહારાજા ! હવે આપણા રાજ્યનું અને ધર્મનું સત્યાનાશ વળવા બેઠું છે. એક અતિશૂદ્રે ભગવાનનું મંદિર બાંધ્યું અને વળી તે પોતે જ તેમાંના ભગવાનનો પૂજારી બન્યો છે. રાજ્યમાં હવે ભયંકર ભૂખમરો, રોગ અને મૃત્યુ એવી ત્રિપુટીનો પંજો પડવાનો, કારણ કે પવિત્ર એવા દેવમંદિરની દેવપૂજા આપણા રાજ્યમાં નીચ ગણાતી ચમાર કોમ કરે છે. હે રાજન્ ! એક ચમાર વિષ્ણુની પૂજા કરે છે, બધાંને એકઠાં કરી પ્રસાદ પણ વહેંચે છે, માટે રૈયતનાં ધર્મ અને સ્વમાન જાળવવા આપ એનો નાશ કરો.'

## ભક્તિની સાબિતી આપ

રાજાએ તેથી કરી તે સાહસિક ભક્ત ચમારને બોલાવી મંગાવ્યો. મંદિર અને તેમાંની શ્રીભગવાનની મૂર્તિ બ્રાહ્મણોને સોંપી દેવા તેને ફરમાવ્યું. શ્રીરવિદાસે જોકે નમ્રભાવે હા તો પાડી, પરંતુ તેમ છતાં રાજાએ તો તેમને ધમકાવીને કહ્યું કે, 'મોટો પ્રભુનો ભક્ત થયો છે, અને એવો ડોળ કરે છે અને એવું તું અભિમાન રાખે છે, તો હવે તે તું સાબિત કરી બતાવ. નહિતર તારું આવી બન્યું સમજજે.' ગરીબ બિચારો રવિદાસ તે વેળા બીજું તો શું કરી શકે ? પણ એણે તો પ્રભુને સાદ કર્યો.

હૃદયથી હૃદયમાં તેઓ પ્રાર્થના કરવા લાગ્યા. પ્રભુને અનેક ભાવથી કરગરી કરગરીને તેઓ પોકારવા લાગ્યા. કોણ જાણે કેમ રાજાને કોઈ અદૃશ્ય ચમત્કારથી શ્રીપ્રભુની પૂજા કરવાની રવિદાસની યોગ્યતા વિશે દિલમાં ખાતરી થઈ ગઈ અને તેથી એમને છોડી દીધા.

## સહુ કોઈનાં માથાં નમ્યાં

એમના જીવનમાં એક બીજો પણ એવો પ્રસંગ છે, જે બહુ અદ્‌ભુત જેવો લાગે છે, છતાં પણ તે પરથી તે કેટલા બધા લોકપ્રિય અને લોકમાન્ય હશે એની આપણને સાબિતી મળે છે. એમના સમકાલીન સંતભક્તોમાં એમનું સ્થાન બહુ ઉચ્ચ હતું. હંમેશાં તે નમ્ર રહતા. બ્રાહ્મણ પંડિતોએ તેમને સતાવવામાં બાકી રાખેલી નહિ. છતાં મનમાં તેમના પરત્વે કદી તેમણે અણગમો આણેલો નથી. તેમને ઘણા શિષ્યો પણ હતા. તેઓમાં ચિતોડનાં રાણી પણ એક હતાં એમ કહેવાય છે. તેમના રાજ્યમાં બ્રાહ્મણ આદિ ઉચ્ચ વર્ણમાં તેથી ભારે ખળભળાટ પણ મચી ગયેલો, પરંતુ જ્યારે

કોઈ એક ખાસ પ્રસંગે રાજ્ય તરફથી બ્રાહ્મણ ભોજન આપવામાં આવ્યું, ત્યારે બબ્બે બ્રાહ્મણની વચ્ચે અક્કેક રવિદાસને બેઠેલા તેમના જોવામાં આવ્યા. આથી, તેઓ ખૂબ ખૂબ નવાઈ પામ્યા. શ્રીરવિદાસનું શુદ્ધ ચારિત્ર્ય અને એનાં પ્રભુ પરનાં શ્રદ્ધાવિશ્વાસ અને એમની ભક્તિ માટે એમના મનમાં ઘણો ઊંચો ખ્યાલ બેઠો.

**સંત ચમાર હોય તોપણ આપણામાં પૂજાય**

એક અંગ્રેજ ઇતિહાસકાર વિલ્સન, શ્રીરવિદાસ માટે લખે છે કે-એની જીવનકથામાં વર્ણવેલા ચમત્કારો માટે આપણે ગમે તે ધારીએ, પરંતુ એની અંદર સમાયેલ અને એની અંતરબહારનો અંતરપ્રવાહ તો આપણને સ્પષ્ટ બતાવે છે કે હિંદુ કોમની નીચામાં નીચી તિરસ્કૃત જાતિમાંનો એક ચમાર સંતપુરુષ તરીકે કેટકેટલી ઊંચી કક્ષાએ પહોંચેલો હતો.

●

## ૨ : ચોખામેળા

### મહારાષ્ટ્રને સંતોએ જગાડ્યું

મધ્યકાલીન યુગના ધાર્મિક વાતાવરણમાં જે ભારે ખળભળાટ અને બળવો જન્મ્યા હતા, જે ધાર્મિક સુધારાનો પ્રચાર ઉત્તર હિંદુસ્તાનમાં થયો હતો, તેની અસર મહારાષ્ટ્ર પર પણ ખૂબ પડી હતી. ત્યાં પણ ધ્યાનદેવ, જ્ઞાનદેવ, નિવૃત્તિનાથ, તુકારામ, નામદેવ આદિ સંતોએ એક જ પ્રકારની ભાવનાનો ખૂબ ખૂબ પ્રચાર કરવા માંડેલો. તે ધાર્મિક સાત્ત્વિક હિલચાલે ત્યાં બહુ જ સુંદર અને સંગઠિત સ્વરૂપ પકડ્યું હતું. જ્ઞાનદેવ આદિ સાધુ પુરુષો આળંદી ગામના હતા. તેમને જ્ઞાતિબહાર મૂકવામાં આવેલા. જ્ઞાનદેવ, નિવૃત્તિનાથ આદિ સંતો જાહેરરૂપે હિંમતપૂર્વક કહેતા કે યજ્ઞયાગ અને કર્મકાંડ કરતાં શ્રદ્ધા, વિશ્વાસ અને ભક્તિભાવવાળો ધર્મ અનેક રીતે ચઢિયાતો છે. વળી, શ્રીભગવદ્‌ગીતા જેવા વિદ્વદ્‌ભોગ્ય ગ્રંથને મરાઠી ભાષામાં સુંદર રીતે ઉતારી સર્વસામાન્ય જનતાને માટે એમણે સુલભ કરી મૂક્યો. મહારાષ્ટ્રના સારાયે પ્રદેશમાં મુસાફરી કરી જ્યાં ત્યાં લોકોને જ્ઞાનનો ઉપદેશ આપવા માંડ્યો. એમણે તો આખાયે જનસમાજના કલ્યાણ માટે જ્ઞાનની પરબ માંડી હતી. આથી, બ્રાહ્મણ વિદ્વાન સમાજની મહત્તાને અને પ્રતિષ્ઠાને મોટામાં મોટો ફટકો પડ્યો. આવા સંતોની ભાવનાનો પ્રચાર કરવામાં બીજા અનેક સંતભક્ત કવિઓએ પણ ભાગ ભજવ્યો છે.

### છેક નીચલા સમાજના થરમાં પાવક જ્વાળા

મહારાષ્ટ્રની જનતા ઉપર આની ભારે અસર પડી. તેથી તેમનામાં સામાજિક અને ધાર્મિક સ્વતંત્રતાનું પ્રચંડ જોમ પ્રગટી

નીકળ્યું. સમાજની નીચલા થરની કોમોમાં પણ સંતભક્તો પેદા થયા. કુંભાર, મોચી, દરજી, હજામ, રબારી વગેરે કોમોમાંથી પણ ભક્ત, કવિ અને સંત પાક્યા. સંતોની આવી પાવક જ્વાળા હડધૂત ગણાતી હરિજન કોમ સુધી પણ પહોંચી. અને આવી પાવક જ્વાળામાંથી ઉષ્મા મેળવી અનેક હરિજનો પણ પોતાના જીવનને વિકસાવવા લાગ્યા.

## પાવનકારી પંઢરપુર

ચોખામેળા નામનો એક વણકર આ મહાન સંતમાળાના એક મણકા જેવો હતો. એ ભક્ત તરીકે ઘણું ઊંચું માન પામ્યો હતો. ઉપર જણાવેલી દક્ષિણમાં પ્રસરેલી ધાર્મિક અસરની ભરતીનો સૌથી મોટો જુવાળ ભીમા નદીના એક કિનારા પર આવેલા અતિ પ્રાચીન મંદિરની સાથે અથડાયો. આ મંદિર તેરમા સૈકાની શરૂઆતમાં તો વિખ્યાતિમાં આવ્યું ન હતું, પરંતુ ત્યાર પછીના સૈકાઓમાં મહારાષ્ટ્રની જનતાની ભક્તિ અને એકનિષ્ઠાની ભાવના પર આ મંદિરે બહુ જ મોટો ભાગ ભજવ્યો છે. પંઢરપુરમાંની શ્રીવિઠોબાની ત્રિભંગ મૂર્તિનાં દર્શન કરવાં અને એની ભક્તિ કરવી, તે પ્રત્યેક મહારાષ્ટ્રીયને-પછી તે સંત હો કે સામાન્ય જન હો-જીવનનો એક અણમૂલો પ્રસંગ લાગતો અને લાગે છે. જનસમાજના હૃદયમાં એકનિષ્ઠા, શ્રદ્ધા અને ભક્તિની શ્રેષ્ઠ ભાવના અને લાગણીઓ પંઢરપુરના આ વિઠોબાએ જગવેલી છે. એની એવી કંઈક કંઈક કથાઓ સમાજમાં પ્રચલિત છે.

## એક અપંગની ભક્તિભાવના

પૈઠણમાં એક લૂલો માણસ હતો. તેને વિઠોબા પર અત્યંત પ્રેમ અને ભક્તિ હતાં. તેના મનમાં વિઠોબાનાં દર્શન કરવાની

પ્રબળ વૃત્તિ જાગી. તેણે આખો રસ્તો ઘસડાતાં ઘસડાતાં, ધીમે ધીમે ચાલી, અનેક કષ્ટો વેઠીને જે રીતે પસાર કર્યો, તે જોતાં ખરેખર આપણે આશ્ચર્યમાં ગરકાવ થઈ જઈએ છીએ. આ મંદિર બહુ કલાત્મક કે ભવ્ય નથી, તોપણ એના એકેએક પથ્થરમાં અને પ્રત્યેક રજકણમાં ઘણા મહારાષ્ટ્રીય સંતભક્તોની ભક્તિ અને એકનિષ્ઠાની ભાવના અને લાગણીઓ ઓતપ્રોત થયેલાં છે.

## સંત દંપતીને પુત્રપ્રસાદી

ચોખામેળા વિઠોબાના આવા પરમ ભક્તોમાંનો એક હતો. તેના બાપનું નામ સુદામા હતું, માનું નામ મુક્તાબાઈ હતું. તે બંને પંઢરપુર પાસેના અનગોડ ગામમાં રહેતાં હતાં. ગામના પસાયતાની અર્ધી જમીન તો એમની હતી, અને બીજી રીતે પણ તેઓ સંસારમાં એમના દરજ્જામાં સુખી હતાં. છતાં એમને કંઈ પણ સંતાન ન હોવાથી એમને દિલગીરી રહ્યા કરતી. સુદામા વારંવાર પંઢરપુર યાત્રા કરવા જતા. એકવાર તેમની ગેરહાજરીમાં કોઈ ઢેડની જમીનમાંથી ૨૦૦ કેરી લઈ બેદારના મુસલમાન સૂબાને રાજ્યભાગ તરીકે આપવા મુક્તાબાઈ જતાં હતાં. થોડેક આઘે જતાં રસ્તામાં એમને એક અતિશય ભૂખ્યો બ્રાહ્મણ મળ્યો. એણે મુક્તાબાઈ પાસે કેરીઓ માગી. ભૂખ્યો જાણીને મુક્તાબાઈએ તેને પાંચ કરીઓ આપી. બ્રાહ્મણ તે ખાઈ ગયો. તેને આશીર્વાદ આપ્યા કે 'તેં મને પાંચ કેરી આપી, માટે તને પાંચ સંતાન થશે. સૌથી મોટા છોકરાનું નામ તું 'ચોખા' પાડજે, કારણ કે તારી કેરી મેં ચાખી છે. 'ચોખા' અને 'ચોખાબા' એ બે શબ્દ વચ્ચે અર્થસંબંધ રહેલો છે. એ ભાષામાં (મરાઠી ભાષામાં) 'ચાખવું' એ માટેનો શબ્દ 'ચોખા' એ શબ્દની સાથે અર્થસંબંધ ધરાવે છે. આ શબ્દ બોલીને તે ક્યાંયે અદૃશ્ય થઈ ગયો.

## બાળક ચોખાની સેવા

ત્યાર બાદ મુક્તાબાઈને એક છોકરો થયો. એનું નામ એમણે 'ચોખામેળા' કે 'ચોખા' પાડ્યું. 'ચોખા'નાં માબાપ અતિશય પવિત્ર જીવન ગાળતાં હતાં. એની અસર કુદરતી રીતે જ એના પર ખૂબ થઈ. છેક નાનપણથી જ તે પ્રભુનું નામસ્મરણ કર્યા કરતો. પોતાના વાસને વાળીઝૂડી સાફ રાખતો. પોતાની કોમમાં ગંદા અને મેલા રહેતા હોય તેવા સાથીઓને એકઠા કરી તેમને નાહવા લઈ જતો. તેમનાં ફાટેલાંતૂટેલાં અને મેલાં કપડાં અને શરીર સાફ રખાવતો. થોડા જ વખતમાં આખા વાસનો ચોખામેળા પ્રાણ થઈ પડ્યો. ઉચ્ચ ગણાતી કોમના હાથે પોતાના ભાઈભાંડુઓનું અપમાન થતું જોઈ, તેના હૃદયના તારેતાર હલમલી ઊઠતા અને તેથી તે વધારે શુદ્ધ અને સાત્ત્વિક થવા મથતો. પોતાની કોમનાં બાળકોમાંથી પણ અનેક દુર્ગુણોનો નાશ કરવા તેમને તે સદુપદેશની વાર્તાઓ કહેતો, ભજન ગવડાવતો, રાસ રમાડતો. કેટલીક વાર સમાજનો અન્યાય અને જુલમ તે પોતાની કોમ પર ગુજરતો જોતો ત્યારે સાવ અસહાય બની જઈ પ્રભુને દીનભાવે પ્રાર્થના કરતો.

## પડ્યા ઉપર પાટુ

જન્મથી જ વવાયેલા એના હૃદયમાંના ભક્તિના સંસ્કાર હવે તો ધીમે ધીમે અંકુરિત થવા લાગ્યા. ગામમાંથી મરેલાં ઢોરને ખેંચી લાવવાં, ખેતી કરવી, સરકારની અને ગામની વેઠ કરવી- એ એની કોમનાં કામ ગણાતાં. એક વખત એવું બન્યું કે વાસમાંથી કંઈ કામ પ્રસંગે ઘણાખરા લોકો પરગામ ગયેલા. તે સમયે ગામમાં એક મરી ગયેલું ઢોર આપણા ચોખામેળાને જ ઉપાડવા જવાનું

બન્યું. પોતાના એકલાને માટે આ કામ બની શકે તેવું ન હતું. ટોળે મળેલા લોકમાંથી કોઈકે કહ્યું, 'ખાઈખાઈને ફાલ્યો છે તો મોટો તગડા જેવો. મોટા પાડા જેવું તો શરીર છે, અને પછી ખેંચાતું કેમ નથી ? તમારી જાત જ ખાસડાંને લાયક છે. તે વિના તમે પાંસરા થાઓ જ નહિ.'

આ શબ્દો સાંભળીને ચોખામેળાના હૃદયને સખત આઘાત લાગ્યો. તે એક શબ્દ બોલી શક્યો નહિ. ભરેલે હૈયે નમ્ર ભાવ પ્રગટાવી તેણે પ્રભુને પ્રાર્થના કરી, 'હે કૃપાસિંધુ ! કરુણાળુ ! દયાસાગર ! પતિતપાવન ! પતિતોદ્ધારક ! શરણાગતવત્સલ ! હે પ્રભુ ! મેં શાંયે પાપ કર્યાં હશે કે મારે આવી અપમાનિત જિંદગી ગાળવી પડે છે ! આ લોકો કેમ દેખતા નહિ હોય કે આ કામ મારા જેવા એકલાથી બની શકે એમ નથી ! શું તેમને બુદ્ધિ નહિ હોય ? તેમને હૃદય નહિ હોય ? શું તેમને લાગણી નહિ હોય ?'

અનેક પ્રાર્થનાઓ તેણે ભગવાનને કરી. શ્રીપ્રભુનું પ્રાર્થના-ભાવે સ્મરણ કરી ફરીથી તેણે ઢોર ખેંચવાનો પ્રયત્ન કરી જોયો, પરંતુ તેમાં તે ફાવ્યો નહિ.

### કૂણી લાગણી પર નિર્દય ગાળો

ટોળાંમાંથી કોઈક કહ્યું, 'સા...લા ! તારા બીજા બધા લોકો ક્યાં મરી ગયા છે ? તમારાં બૈરાં, છોકરાં, બધાંને બોલાવી લાવો અને અહીંથી ઢોર ખેંચી જાઓ. જોતો નથી કે આ ફળિયામાં ગંધ ગંધ ફેલાઈ રહેલી છે !' ચોખામેળાના દિલમાં લાગણીનો જે દરિયો ઊછળી રહેલો હતો, તે જાણવાની કે સમજવાની કોઈને પડી જ ન હતી. એમને તો એટલું જ જોઈતું હતું કે ગમે તે રીતે અને ગમે તે ભોગે એ ઢોર ત્યાંથી દૂર થવું જ જોઈએ.

## પ્રભુકૃપાનો ચમત્કાર

ચોખામેળાથી આ અપમાન સહન થઈ શક્યું નહિ. એણે પ્રભુને પ્રાર્થના કરી. પોતાના બધાય બળનો ઉપયોગ કરી, આંખો મીંચી, ફરી પ્રયત્ન કરવા માંડ્યો. કોઈ ચમત્કારિક દૈવી બળનો જુસ્સો તેનામાં પ્રગટ્યો. તેની આંખ અને તેનું મોં રાતાંચોળ બની ગયાં. શરીરની નસો ઊપસી, તરી આવી. આખરે તે મરેલા ઢોરને બહાર ખેંચીને લઈ ગયો. આ બનાવથી આખા ગામના લોકો ખરેખર નવાઈ પામ્યા. તેમના દિલમાં ચોખામેળા માટે માનની લાગણી ઉત્પન્ન થઈ, કારણ કે તે મરેલા ઢોરને એકલા ઊંચકીને લઈ જવું એ મનુષ્યશક્તિના ગજા ઉપરાંતનું કામ હતું. એ તો દરેક જણને સ્પષ્ટ લાગ્યું હતું. તેથી, ગામલોકને નિશ્ચયથી લાગ્યું કે જરૂર ચોખામેળાને કોઈક દૈવી બળે મદદ કરેલી લાગે છે.

## ઉત્કટ, ઉન્મત્ત ભક્તિ

ચોખામેળા હવે તો ખૂબ એકાગ્રતા અને એકનિષ્ઠાથી જ્ઞાનભક્તિપૂર્વક પોતાની સાધના કરવા લાગ્યો. સાધુસંતો પાસે જઈ પોતાની મુશ્કેલીઓનું તે નિરાકરણ કરી લેતો, ભજન-મંડળીઓમાં ભળતો અને જ્યારે તે ભજન કરતો, ત્યારે ખૂબ ભાવાવેશમાં આવી જતો. કેટલીક વાર તો તે હૈયાફાટ રડતો.

આવું કરીને શ્રીભગવાનને વારંવાર તે પોકારતો, ખાવા-પીવાનું પણ તેને ગમતું નહિ. કેટલીક વાર આખા ગામમાં તે નાચતો, કૂદતો અને ફર્યા કરતો. ગામને પાદરે ફરતાં ફરતાં આવતા સાધુસંતોનાં ઝુંડમાં તે જતો અને જિજ્ઞાસુભાવે ચર્ચા કરતો.

## અંતે તો સંત તરશે જ

પહેલાં તો ગામના લોકોએ તેની ખૂબ અવગણના કરેલી, તિરસ્કાર કરેલો, અપમાન કરેલું અને કોઈ વાર મારેલો પણ ખરો, પરંતુ હવે એની સાત્ત્વિક બુદ્ધિ, પ્રભુ પ્રત્યેની તેની એકનિષ્ઠા અને એની દૃઢ ભક્તિ જોઈને લોકોનું એની પ્રત્યેનું વલણ બદલાયું.

## વિઠોબાને દ્વારે પ્રાર્થના

એ ઘણી વાર પઢંરપુર જતો ત્યારે બહારના દરવાજે ઊભો રહીને પ્રભુની નમ્રભાવે પ્રાર્થના કરતો.

## હૃદયની ભાવનાની અસર

આ પ્રાર્થના કરતાં કરતાં અસ્ખલિત આંસુનો પ્રવાહ વહેતો. પોતાની પાસે બોલાવી લેવાને હૃદયથી તે વારંવાર પ્રભુને વિનંતી કરતો. લોકો તેની ભક્તિનો વેગ જોઈ તેના પર ભાવ રાખતા અને ઘણા તો તેની સાથે ઊઠતા બેસતા પણ થયા ખરા. કેટલાક 'ઉચ્ચ વર્ણના' એના શિષ્ય પણ થયેલા હતા. ઈશ્વર એને પ્રત્યક્ષ છે એવી એક ઉચ્ચ વર્ણની કુમારિકાને દિલમાં દૃઢ પ્રતીતિ થઈ જવાથી, તે જઈને ચોખામેળાને પગે પડી અને પોતાને તેની પત્ની તરીકે સ્વીકારવાને કાલાવાલા કરવા લાગી. આથી, તુરત ચોખામેળાએ પોતાનું વતન ત્યજ્યું.

## દર્શનની ઉત્કટ ઝંખના

પ્રભુની નજીકમાં નજીક રહેવાય એટલા ખાતર તે પંઢરપુર રહેવા ગયો. પોતે મહાર હોવાથી મંદિરમાં પ્રવેશ કરવો તે તેના સારુ તે જમાનામાં શક્ય ન હતું. તેમ છતાં તે દરવાજેથી પ્રભુની પ્રાર્થના કર્યા જ કરતો હતો. કોઈક વાર હૃદયના ઉન્મત્ત ભાવથી નાચી ઊઠતો, તો કોઈક વાર રડતો, તો કોઈક વાર ગાંડાની

માફક બકવાટ પણ કર્યા કરતો. પોતાને પ્રભુની પવિત્ર મૂર્તિનાં દર્શન થઈ શકતાં નથી, તેથી કોઈ પણ રીતે તે મેળવવા એમ વિચારી તેણે કેટલુંક સેવાનું કામ ઉપાડી લીધું. મંદિરના બધા રસ્તા તે પોતે વાળતો, કચરોપૂંજો દૂર નાખી આવતો. મંદિરની આસપાસની બધી જ જગ્યા તે અત્યંત સાફ રાખતો. પ્રત્યેક પળ તે પ્રભુના ધ્યાનમાં તલ્લીન રહ્યા કરતો. આમ, પ્રાર્થનામાં અને ભક્તિના ભાવમાં અને પ્રભુપ્રીત્યર્થના સતત એકધારા કર્મમાં તે પોતાના દિવસ વ્યતીત કરતો હતો.

## લોકોની હેરાનગતિ

પણ એક નીચ મહાર આવો પરમ પ્રભુભક્ત બને કે હોય એવો વિચાર પણ તે સમયના બ્રાહ્મણ, વિદ્વાન પંડિત અને વૈષ્ણવ સમુદાયને સહ્ય ન લાગ્યો. તેઓ ચોખામેળાની ખૂબ હાડછેડ કરતા. તેઓ એને પજવતા. તો તે જ્યારે બહારના દરવાજે ઊભો રહીને એકભાવે એકાગ્રપણે તલ્લીન હોય, ત્યારે તેના તરફ કાંકરા નાંખવાનું પણ ચૂકતા નહિ. એ સમયે ચોખામેળા શ્રીવિઠોબાની ગદ્ગદ કંઠે પ્રાર્થના કરતો.

## કાગડાની કોટે હીરો ન શોભે

કંઈક હૃદયના ઊંડા ભાવથી તે પ્રાર્થના કરતો હતો, ત્યારે એક બ્રાહ્મણે તિરસ્કારથી કહ્યું, 'તારી ભક્તિ-સાધનાનો કશો અર્થ નથી. તું દિવસ અને રાત પ્રભુનું ભજન કર્યા કરે છે, પણ પ્રભુની પવિત્ર મૂર્તિનાં દર્શન કરવા માટે તું તદ્દન અયોગ્ય છે. કાગડાની કોટે તે વળી હીરો શોભે ? તું તો પતિત અને અસ્પૃશ્ય છે. તમને આવો અધિકાર કોણે આપ્યો ?' આવી રીતે ચોખામેળાને ઘણા લોકો મહેણાં મારતા.

જ્યારે ચોખામેળાથી સહન ન થતું, ત્યારે ભાવથી પ્રણામ કરીને જવાબ વાળતો, 'સૂર્યમુખી કમળ સૂર્યથી કરોડો ગાઉ દૂર છે, તોપણ સૂર્ય પોતાનાં કિરણો એના પર ફેંકી પોતાની મમતા દર્શાવે છે. સૂર્ય પોતાનો પ્રકાશ આપવામાં નથી જોતો પારસમણિ કે નથી જોતો એક ઠીકરી. એને મન આ દુનિયાના ભેદભાવ નથી. તેવી રીતે પરમ કૃપાળુ પ્રભુ, મારી સંભાળ રાખશે અને જરૂર મારી પ્રાર્થના સાંભળશે. તમે મને ગમે તેવો નીચ ગણો છતાં જો મન પ્રભુમય હશે, તો હું પ્રભુના મંદિરની અંદર જ છું, અને ગમે તેવો ઉચ્ચ વર્ણનો માનવી ભલેને શ્રીમંત હોય, પણ જો તેનું મન જગતના પ્રપંચોમાં રમ્યા કરતું હશે, તો તે પ્રભુના મંદિરની અંદર હોવા છતાં પણ સાચી રીતે પ્રભુના મંદિરથી કરડો ગાઉ દૂર છે.'

## ભગવાને હાથ ઝાલ્યો

એક રાતે એવું બન્યું કે જાણે વિઠોબા પોતે એની ઝૂંપડીએ આવ્યા અને મંદિરના ગર્ભદ્વારમાં લઈ ગયા. ચોખામેળાનો હાથ પોતાના હાથમાં લઈને વિઠોબાએ કહ્યું , 'તારી ભક્તિથી હું પ્રસન્ન થયો છું. તું કોઈ વાતે ઉદ્વેગ પામતો નહિ.' એટલામાં મંદિરનો એક પૂજારી બહાર સૂતો હતો, તે જાગી ઊઠ્યો. તેણે ચોખામેળાને મૂર્તિ પાસે બેઠેલો જોઈ, બીજા પૂજારીઓને બૂમ પાડી, 'અરે ! દોડો, દોડો ! આ ચોખામેળા તો શ્રીવિઠોબાની મૂર્તિ પાસે જઈને બેઠો છે ! એ લુચ્ચો, બદમાસ મહાર દરવાજે તાળાં દીધેલાં હોવા છતાં ગમે તેવી રીતે લુચ્ચાઈથી મંદિરમાં દાખલ થઈ ગયો છે. પ્રભુમંદિરને તેણે અપવિત્ર કર્યું છે. અરેરે ! તે દુષ્ટે ધર્મનો નાશ કર્યો. પવિત્ર બ્રાહ્મણોને એણે અભડાવ્યા.' બ્રાહ્મણો તો ક્રોધથી ધૂંઆપૂંઆ થઈ ગયા. તેમણે ચોખામેળાને પકડ્યો અને દરવાજા

બહાર ફેંકી દીધો અને કહ્યું, 'જા ! અહીંથી ભાગી જા.' ચોખામેળાએ ધીમેથી હસીને કહ્યું, 'અરે, મહાપુરુષો, તમે નકામા શા માટે ધાંધલ કરો છો ? ધર્મ તે એમ કોઈનાથી નાશ કર્યે શું નાશ પામતો હશે કે ? એક મહારે ગંગાજીમાં સ્નાન કર્યું તો શું ગંગાજી અપવિત્ર થઈ જશે કે ? એક હરિજનના શ્વાસથી સ્પર્શ થયેલો, ફૂંકાતો પવન શું આખા ગામને અપવિત્ર કરી શકે ખરો કે ? પ્રભુને મન ઊંચ કે નીચ, ભણેલા કે અભણ, સારા કે ખોટા, એવા કશાય ભેદ નથી. જોકે તમારી નજરે હું નીચ છું, તોપણ મેં પરમ પ્રભુનો કંઈ પણ ગુનો કર્યો નથી. તેથી, તેની નજરે નીચ નથી. આપ જેવા પવિત્ર વિદ્વાન પુરુષોને આવી અશ્લીલ ભાષા બોલવી છાજતી નથી.'

મંદિરનો પૂજારી ક્રોધથી રાતીચોળ આંખ કરી બરાડી ઊઠ્યો, 'અરે મૂર્ખ ! ચૂપ કર. શું એક મહાર બ્રાહ્મણોને ઉપદેશ આપશે ? નીચામાં નીચી જાતનો એક તુચ્છ અપવિત્ર મનુષ્ય શું તું બ્રાહ્મણોને સમજાવવા બેઠો છે ? અરે, જા લુચ્ચા ! શું અમે તારું બધું સાંભળ્યા કરીશું ?'

## પૂજારીઓની ફરિયાદ

બધા પૂજારી એકત્ર થઈને ગામના પંડિતો સાથે ગામના મુસ્લિમ સૂબા પાસે ગયા, અને 'ચોખામેળાએ મંદિર અભડાવ્યું' તેવી ફરિયાદ કરી. સૂબાએ તેને બોલાવી મંગાવ્યો અને પૂછ્યું, 'તું તો એક નીચ જાતનો છે. મંદિરમાં તેં પ્રવેશ જ કેમ કર્યો ?' ચોખામેળાએ જવાબ આપ્યો, 'વિઠોબા જાતે જ મને અંદર લઈ ગયા હતા. તેમાં હું શું કરું ? હું તો એક અતિપામર, તુચ્છ જીવ છું, એવું વારંવાર મેં શ્રીપ્રભુને કહ્યા કરેલું છે. પ્રભુને દર્શન દેવા

કાજે મેં મારી જિંદગી, મારું સર્વસ્વ એનાં ચરણકમળમાં ક્યારનુંયે સમર્પણ કરી દીધું છે. એને દર્શન દેવા કાજે એની સતત પ્રાર્થના હૃદયમાં હૃદયથી મેં કર્યા કરેલી છે. રાત્રિની રાત્રિઓ રડી રડીને તે કાજે વિતાવેલી છે અને હવે જ્યારે પરમ કૃપાળુ પ્રભુએ મારા જેવા એક પામર ઉપર કૃપા કરી છે, ત્યારે તમે લોકો 'મેં મંદિર અપવિત્ર કર્યું છે.' એવો આરોપ મૂકો છો ! તો હવે નમ્રતાપૂર્વક આપને વિનંતી કરું છું કે આપને યોગ્ય લાગે તેમ કરશો.'

## નિર્દય સજા

પરંતુ તે મુસ્લિમ સૂબાએ તેનું કંઈ જ સાંભળ્યું નહિ. તેને એક વળી સાથે બંધાવ્યો અને મહોલ્લાઓમાંથી ઘસડાવ્યો અને આખરે બહાર ફેંકી દેવડાવ્યો. આ બધું જ દુઃખ ચોખામેળાએ કંઈ પણ રાગદ્વેષ વિના અત્યંત પ્રેમપૂર્વક સહન કર્યું. આવી રીતે તેને સજા કરીને પંઢરપુર બહાર ધકેલી દીધો. પંઢરપુરમાં પ્રવેશ કરવાની તેને મના કરવામાં આવી. એવી રીતે તેને ભીમા નદીની પેલે પાર રહેવાની ફરજ પાડવામાં આવી.

## હૃદયની ભક્તિ અને ઉદારતા

આમ, અપમાનિત અને તિરસ્કૃત થયેલા ચોખામેળા હવે શ્રીવિઠોબાના મંદિર પાસે જઈ શકતા ન હતા. છતાં તેના મનોમંદિરમાંથી એક ક્ષણ પણ શ્રીવિઠોબા ખસ્યા ન હતા. હંમેશાં તે પોતાનો બધો સમય આત્મચિંતવનમાં જ ગાળતા. લોકોએ આટઆટલા તેમને હેરાન કરેલા હોવા છતાં લોકો પરત્વે તેમના દિલમાં જરા પણ રોષ ન હતો. બધું પોતે પ્રેમપૂર્વક સહન કરી લેતા.

## વિઠોબા જાતે પધાર્યા

ભીમા નદીના કિનારા પર તેમણે એક દીપમાળા બંધાવી.

આજે પણ તે હયાત છે. એક દિવસ તે લિંબોળીના (લીમડાના) ઝાડ નીચે જમતા હતા, ત્યારે સુંદર વસ્ત્રાભૂષણથી સજ્જ થયેલા શ્રીવિઠોબા પોતે તેની પાસે પધાર્યા. તેની સાથે પ્રેમથી ભોજન કરવા લાગ્યા. ચોખામેળાની પત્ની દહીં લાવી હતી, તે તેણે પ્રભુને પીરસ્યું. પીરસતી વખતે શ્રીવિઠોબાના પીતાંબર ઉપર કેટલાક છાંટા પડ્યા. આથી, ચોખામેળાએ પોતાની પત્નીને ધમકાવીને કહ્યું, 'જ્યારે શ્રીપ્રભુ પોતે કૃપા કરી આપણી સાથે જમવા પધાર્યા છે, ત્યારે તું કેવી બેકાળજી રાખે છે ?'

## બ્રાહ્મણ પૂજારીનો ક્રોધ

બરાબર આ જ સમયે એક બ્રાહ્મણ પૂજારી તે રસ્તે થઈને જતો હતો, તેણે આ શબ્દો સાંભળ્યા. તેને આથી ઘણો ક્રોધ ચઢ્યો અને આ દુષ્ટ મહાર પ્રભુની નિંદા કરી રહ્યો છે, એમ જાણી તે એકદમ એના પર ધસી આવ્યો. ચોખામેળા અટકાવી શકે તે પહેલાં તો તેણે શ્રીવિઠોબાને જોરથી એક મુક્કો લગાવી દીધો. ત્યાર પછીથી તે પાસેની નદીમાં જઈને નાહ્યો અને શ્રીવિઠોબાના મંદિરમાં દર્શન કરવાને ગયો, પરંતુ જેવો તે પ્રભુની પ્રાર્થના કરવા લાગ્યો કે તુરત તેની નજર પ્રભુના સુંદર રેશમી પીતાંબર પર પડી. ત્યાં દહીંના ડાઘા પડેલા દીઠા. શ્રીવિઠોબાનો એક ગાલ ફૂલી ગયો હતો. આંખમાંથી અશ્રુધારા વહી રહી હતી.

## પશ્ચાત્તાપ

પેલા બ્રાહ્મણે આ જોયું અને જાણ્યું. તેના હૃદયમાં ભાવનો સંચાર થયો. હવે તેને સમજાયું કે તેણે જે સાધુને માર્યા હતા એ તો સાક્ષાત્ શ્રીવિઠોબા જ હતા. 'અરેરે ! મેં મૂર્ખે મારી જાતનું સત્યાનાશ વાળ્યું ! મોતી પર જેમ હથોડો પડે, તેમ હું તેમના પર

તૂટી પડ્યો હતો. અરેરે, પ્રભુ ! મારા જાતીય અભિમાને મને ભુલાવ્યો. મેં મારો સર્વનાશ જાતે જ નોતર્યો છે. પ્રભુ ! દયા કરો, કૃપા કરો.'

## શ્રીવિઠોબાની પ્રસન્નતા

પોતાનું અભિમાન ગળી ગયું. નમ્રમાં નમ્ર બની પોતાની જાતને તે ધિક્કારવા લાગ્યો. ઉત્કટમાં ઉત્કટ પશ્ચાત્તાપની લાગણીમાં ડૂબેલો તેવો તે બ્રાહ્મણ ભીમા નદીની પેલે પાર ગયો, અને તે સાધુ પુરુષની માફી માગી. અત્યંત કાલાવાલા કરવા લાગ્યો અને તે સાધુ પુરુષને મંદિરમાં તેડી લાવ્યો. મંદિરમાં આવીને જ્યાં જુએ છે તો અતિઆશ્ચર્ય સાથે તેને જણાયું કે ઈજા પામેલો ગાલ હવે તો સાજો થઈ ગયેલો છે. આ સાધુ પુરુષને જોતાં જ શ્રીવિઠોબા પોતે  જ આનંદ પામ્યા હોય તેવું સ્મિત તેમના મોં પર ફરક્યું.

## હાડકાંમાંથી બોલતું નામસ્મરણ

ચોખામેળાનું મૃત્યુ બહુ કરુણાજનક છે. બેદારના મુસલમાન સૂબાએ પોતાના પ્રાંતના બધા મહારોને હુકમ કર્યો કે મંગળવેઢા ગામને ફરતો કોટ તેમણે બાંધી આપવો. ચોખામેળાને પણ બીજાં બધાંની સાથે જવું પડ્યું. કામ પૂરું થવા આવ્યું તેવામાં એકબાજુની અધૂરી રહેલી દીવાલ તૂટી પડી. કેટલાયે મહારો દબાઈ ગયા. એમાં આપણા સંત શિરોમણિ શ્રીચોખામેળા પણ હતા. ઘણાં વર્ષો સુધી એ પડેલી દીવાલની નીચે એમનાં હાડકાં દટાયેલાં રહ્યાં, પરંતુ તેમના મૃત્યુ પછી પરમ સંતશિરોમણિ તરીકેની તેમની કીર્તિ ખૂબ વધી. શ્રીનામદેવ નામના દરજી સંતને પ્રભુની પ્રેરણા મળી કે તેણે ચોખામેળાનાં અસ્થિ પંઢરપુર લાવવાં. શ્રીનામદેવ પંઢરપુર

ગયા, પરંતુ ચોખામેળાનાં અસ્થિ બધાંની સાથે ભેળસેળ થઈ ગયેલાં હતાં. એકલાં તેમનાં હાડકાં નોખાં તારવી કાઢવાં એ તો મુશ્કેલ કામ હતું. આખરે શ્રીનામદેવે જમીન સાથે કાન માંડીને સાંભળ્યું તો, એમ કહેવાય છે કે, એક જગ્યાએથી તેમણે 'વિઠોબા, વિઠોબા' એવું નામસ્મરણ થતું સાંભળ્યું. તેથી, એમણે જાણ્યું કે ત્યાં પડેલાં તેવાં અસ્થિ ચોખામેળાનાં જ હોવાં જોઈએ. હૃદયની અત્યંત આદરભક્તિથી એ અસ્થિ તેમણે ભેગાં કર્યાં. એમણે એને પઢંરપુર આણ્યાં. ત્યાં એને જમીનમાં દાટી એના પર ખાંભી બનાવડાવી. આજે પણ તે જગા ત્યાં જણાય છે. ત્યાં આગળ આજે પણ હરિજનો ઊભા રહી શ્રીવિઠોબાનાં દર્શન અને પૂજા કરે છે. (જોકે હવે તો તે શ્રીવિઠોબાનું મંદિર દરેક હરિજનને દર્શન કરવાને કાજે ખુલ્લું મુકાયેલું છે.)

•

# ૩ : હરિદાસ

## બંગાળમાં ધાર્મિક જાગૃતિ

ઉત્તર અને દક્ષિણ હિંદની માફક તે મહાન ધાર્મિક પરિવર્તનનાં મોજાંની અસર બંગાળમાં પણ થયા વિના રહી ન હતી. પ્રેમ અને ઉત્કટ ભક્તિના સૂરો દર્દભર્યાં અને લાગણીવાળાં ભાવાત્મક કાવ્યો દ્વારા સંભળાવા લાગ્યા. જયદેવ કવિએ શ્રીરાધાકૃષ્ણની અદ્ભુત આધ્યાત્મિક પ્રેમની કથની ગીતગોવિંદના કાવ્યમાં ગૂંથી. એ કાવ્યે જનસમાજના હૃદયમાં ઊંડું સ્થાન મેળવ્યું. સુષુપ્તિમાં પડી રહેલા સાત્ત્વિક પ્રેમના બીજને અંકુરિત થવામાં એણે પ્રેરણા આપી. ચંડીદાસ વગેરેએ પણ એમાંથી પ્રેરણા મેળવી અને શ્રીકૃષ્ણનાં ઉત્કટ પ્રેમનાં કાવ્યો રચ્યાં. જનતાના હૃદય પર તેથી પ્રેમ અને ભક્તિનાં બીજ રોપાયાં. શ્રીરામાનુજ અને માધવાચાર્યના સદુપદેશથી રંગાયેલા વૈષ્ણવ સાધુઓ બંગાળમાં આવીને વસ્યા હતા. કવિઓનાં દક્ષિણમાંથી પ્રેમભક્તિનાં કાવ્યોથી અને ભજનોથી તથા આ વૈષ્ણવ સાધુઓના સતત પ્રચારથી ભક્તિભાવના અને બંધુભાવના સારાયે બંગાળમાં ફેલાઈ. લોકોના મનમાંથી રાગદ્વેષ, જાતિભેદનું જોર ઓછું થયું. જનતાના દરેક વર્ગમાંથી પ્રભુના ભક્તો અને લોકકવિ ઉદ્ભવ્યા.

## શ્રીચૈતન્ય મહાપ્રભુનું પ્રાગટ્ય

નદિયામાં શ્રીકૃષ્ણ ચૈતન્ય ભક્તશિરોમણિ તરીકે પંકાયેલા હતા. તે પ્રભુના પ્રેમમાં અને તેની ભક્તિમાં એટલા તો તરબોળ રહેતા કે પ્રભુનું ભજન કરતાં કરતાં ઉત્કટ ભાવાવેશમાં આવી જતા. ઉચ્ચ સ્વરે હરિનામની ધૂન તે મચાવતા. દરેકને ભક્તિનો બોધ આપતા. માધવાચાર્ય પંથના ઈશ્વરપુરી નામના એક સાધુએ

તેમને દીક્ષા આપી હતી. સાધુ થઈને તેમણે પછી જાત્રાઓ કરવા માંડી. જ્યાં જ્યાં જતાં, ત્યાં ત્યાં તે ઉન્મત્તપણે મસ્તીથી ભજન ગાતા, નાચતા, હજારો લોકોને ભક્તિના રસથી તરબોળ કરી દેતા. લોકોને ઉપદેશ પણ આપતા. ધાર્મિક સંવાદો પણ કરતા. તેમના હૃદયના સાચા ભાવથી કંઈક લોકોનો જીવનપલટો થયો હતો. દેશ દેશમાંથી પવિત્ર અને ભક્ત આત્માઓ તેમની પાસે ભેગા થયા હતા.

## ભક્ત હરિદાસ

છેવટે શ્રીચૈતન્યદેવે જગન્નાથપુરીમાં નિવાસ કરવાનું ઠરાવ્યું. અહીં તેમણે અને તેમના ભક્તોએ શ્રીજગન્નાથની ભક્તિમાં પોતાનું જીવન વ્યતીત કરવા માંડ્યું. આ પવિત્ર, સાત્ત્વિક ભક્તમંડળમાં સૌથી પવિત્ર અને મધુર શ્રીહરિદાસ ઠાકુર હતા. બધા તેમને 'બ્રહ્મ હરિદાસ'ને નામે ઓળખતા. આ સાધુના જન્મ અને જીવનની બીજી હકીકત વિશે બહુ થોડું જાણવામાં આવ્યું છે. એવું પણ કહેવાય છે કે તે મુસલમાન હતા, પરંતુ એ મતને ચોક્કસ પુરાવા મળતા નથી, તેમ જ તે હકીકત સત્ય લાગતી નથી. શ્રીચૈતન્ય મહાપ્રભુના જીવનચરિત્ર અને એમનાં બીજાં લખાણોમાં ઉપરોક્ત સાધુનું સ્પષ્ટ કથન થયેલું છે. તેથી, એમ કહી શકાય કે તેઓ એક હરિજન હતા. પંદરમા સૈકાના છેક અંતમાં તે જન્મ પામ્યા હતા. છેક નાનપણથી જ શ્રીકૃષ્ણભક્તિમાં તેઓ રસ ધરાવતા જણાયા હતા. એમની સાત્ત્વિકતા, એકનિષ્ઠા અને એમની પ્રેમભક્તિ વડે કરીને એમના સમકાલીન ભક્તમાં એમણે ઉચ્ચ સ્થાન મેળવ્યું હતું. શ્રીકૃષ્ણ ચૈતન્યના ભક્તમંડળમાં તે પોતે આગળ પડતા ગણાતા હતા.

## હરિદાસની હરિભક્તિ

નાનપણમાં હરિદાસ પોતે સૂનમૂન બેસી રહેતા. કોઈ કામમાં જીવ પરોવતા નહિ. એમનો સ્વભાવ નિવૃત્તિપ્રધાન હતો. પોતાની જાતની સંભાળ લેવા જેટલી ઉંમરના થયા, ત્યારે તે પોતાના ગામ બુરાનના કોઈ એકાંત સ્થળમાં જતા રહ્યા. બંગાળના જેસોર જિલ્લામાં આ ગામ આવેલું છે. તેમણે ત્યાં નાનુંસરખું ઝૂંપડું બાંધ્યું. આગળપાછળ બધે તુલસી વાવી. તે જગાને ઘણી રમણીય બનાવી. પોતે તે સ્થળ બહુ જ સ્વચ્છ રાખતા. સતત હરિસ્મરણમાં પ્રત્યેક પળ પસાર કરતા. ભજનો ગાતા. ગદ્ગદ કંઠે પ્રભુની પ્રાર્થના કરતા. તેમની અજોડ ભક્તિ અને એકનિષ્ઠાથી તે આસપાસના પ્રદેશમાં જાણીતા થઈ ગયા હતા. ઘણાયે જતાઆવતા વટેમાર્ગુઓનું તે સ્થળ આશ્રયસ્થાન બની ચૂક્યું હતું. ઘણાય ગામડિયાઓના જીવનની મુશ્કેલીઓ હરિદાસ પોતે ઉકેલી આપતા. તેમની મુશ્કેલીમાં, દુઃખમાં અને આપત્તિમાં તેમને તે આશ્વાસન આપતા. ઘણાયનાં હૃદયો આમ તેમણે જીતી લીધાં હતાં. જીવનના માર્ગમાં ભૂલા પડેલાને માર્ગ બતાવી ભક્તિના સીધા રાહે તેમને વાળ્યા હતા. કેટલાયે રોગીના રોગ તેમણે મટાડ્યા હતા. ભૂખ્યાંને અન્ન આપતા અને તરસ્યાંને પાણી પાતા. વર્ણભેદને લીધે એમને ઝાઝાં કષ્ટ સહેવાં પડ્યાં નથી, એ સાચે જ ઘણું આશ્ચર્યજનક છે. એમના પર શ્રીપ્રભુની અત્યંત કૃપા હતી.

## અદ્વૈતાચાર્ય સાથે સંબંધ

ત્યાર બાદ તે શાંતિપુર પાસેના ફૂલિયા ગામે ગયા. ત્યાં એક વિદ્વાન વૈષ્ણવ બ્રાહ્મણ રહેતા હતા. તે શ્રીચૈતન્ય મહાપ્રભુના મિત્ર અને અનુયાયી હતા. તેમનું નામ અદ્વૈતાચાર્ય હતું. થોડા જ

સમયમાં આપણા હરિદાસને એમનો પરિચય થયો. પછી તો તેઓ એકબીજાના મિત્રો બન્યા. સાથે જ બંને રહેવા લાગ્યા અને સાથે જ પ્રભુભક્તિમાં પોતાના દિવસો નિર્ગમન કરવા લાગ્યા.

## શ્રીમહાપ્રભુના પ્રીતિપાત્ર

થોડા સમય પછી હરિદાસે શ્રીકૃષ્ણ ચૈતન્ય મહાપ્રભુ વિશે સાંભળ્યું અને એમનાથી એ આકર્ષાયા. પોતે નદિયા જઈને રહ્યા. આ મહાન દયાળુ સાધુ હરિદાસની એકનિષ્ઠા, શ્રદ્ધા, વિશ્વાસ, પ્રેમ અને ભક્તિ જોઈને શ્રીમહાપ્રભુ નવાઈ પામ્યા અને ઉત્કટ પ્રેમના આવેશમાં આવી જઈને તેઓ હરિદાસને હૃદયથી ભેટ્યા.

પ્રભુની સેવાભક્તિમાં વર્ણ અને જાતિનો ભેદ રહી શકતો નથી. હરિદાસને શ્રીમહાપ્રભુએ પોતાના સ્વજન ગણ્યા અને એમના પર અત્યંત પ્રેમ રાખતા હતા. હરિદાસ, શ્રીચૈતન્ય મહાપ્રભુ સાથે જ યાત્રાર્થે ફરતા. આખરે તેમણે શ્રીમહાપ્રભુની સાથે જ  પુરીમાં વસવાટ કર્યો. ત્યાં તેઓ ઝૂંપડામાં રહેતા. હાલ પણ એ જગાને શ્રીહરિદાસની ઝૂંપડીની નિશાની તરીકે યાત્રાળુઓને બતાવવામાં આવે છે. કૃષ્ણદાસનાં ‘ચૈતન્ય-જીવનચરિત્ર’માં હરિદાસના આગમન વિશે સુંદર વર્ણન કર્યું છે. શ્રીચૈતન્ય મહાપ્રભુજીએ તેમનું અત્યંત પ્રેમભક્તિપૂર્વક સ્વાગત કર્યું હતું. કેટલેય દૂરથી કૃષ્ણદાસને જોતાં શ્રીમહાપ્રભુ ગાંડાઘેલા થઈ દોડતાં દોડતાં જઈ હરિદાસને હૃદયથી ભેટ્યા હતા. પોતાના ભક્તમંડળમાં તેમની ભક્તિ અને પ્રભુ પરત્વેની એકનિષ્ઠાનાં વખાણ કરેલાં હતાં. શ્રીચૈતન્યદેવે એમના પરત્વે બતાવેલાં પ્રેમ, નમ્રતા, ભક્તિ વગેરેનાં કેટલાંયે જ્વલંત દૃષ્ટાંતો કૃષ્ણદાસે એમના લખેલા જીવનચરિત્રમાં આપેલાં છે.

## એમની નમ્રતા

જ્યારે હરિદાસ પ્રથમ શ્રીમહાપ્રભુ પાસે આવ્યા, ત્યારે જાહેર રસ્તાની એક કોરાણે દંડવત્ કરીને શ્રીમહાપ્રભુને પ્રણામ કર્યા. પોતે એ જ દશામાં ગદ્ગદ કંઠે ભાવાવેશમાં આવી જઈને શ્રીપ્રભુની પ્રાર્થના કરવા લાગ્યા.

તેમને પ્રાર્થના કરતા જોઈને બીજા ભક્તો તેમની પાસે આવી તેમને શ્રીમહાપ્રભુ પાસે લઈ ગયા, પરંતુ હરિદાસે કહ્યું, 'હું એક અતિનીચ વર્ણનો છું. મારે કોઈ જ્ઞાતિ નથી. મંદિરમાં પ્રવેશ કરવાનો અધિકાર નથી. જો મને બાગના કોઈ એકાદ ખૂણામાં નાનીશી જગા મળી જાય તો ત્યાં હું પડ્યો રહીશ. એકાંતમાં એવી રીતે પ્રેમભક્તિમાં મારો સમય વ્યતીત કરીશ. જગન્નાથના કોઈ સેવકને મને અડકવાનો પ્રસંગ તેથી નહિ આવે.' આટલું બોલી હરિદાસે તો હરિનામની ધૂન મચાવી અને પોતે પોતાનું ભાન ભૂલી ઉન્માદમાં આવી નાચવા લાગ્યા. શ્રીચૈતન્ય મહાપ્રભુને જોઈને તેઓ અત્યંત ભાવાવેશમાં આવી ગયા. શ્રીચૈતન્યપ્રભુ પાસે આવ્યા અને હરિદાસને પોતાની છાતી સરસા પ્રેમભાવથી ચાંપ્યા. અત્યંત પ્રેમથી બંને રડ્યા. બંને એકબીજાની પર મુગ્ધ થયા. હરિદાસ બોલી ઊઠ્યા, 'અરે પ્રભુ ! મને અડકો મા ! હું તો એક નીચ વર્ણનો અભાગી જીવ છું.'

## તમારાં દર્શનથી પાવન થયો છું.

પરંતુ શ્રીમહાપ્રભુજીએ જવાબ વાળ્યો, 'તમારાં દર્શનથી તો હું પાવન થયો છું, કારણ કે તમારા જેવી ઉત્કટ પ્રેમભાવના મારામાં નથી. તમારા જેવી એકનિષ્ઠા અને ઉત્કટ ભક્તિ જેનામાં

હોય તે તો સમાજના શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પદે છે. વેદાભ્યાસ, દાન, તપ, યજ્ઞ અને કઠોર તપશ્ચર્યાથી જે મેળવાય છે, તે તમારા સત્સંગ માત્રથી મેળવાય છે. તમે તો સંન્યાસી અને બ્રાહ્મણ કરતાં પણ વધુ પવિત્ર છો.'

આમ કહી હરિદાસને પોતે બાગમાં લઈ ગયા. ત્યાં એક જુદી ઓરડી આપીને કહ્યું, 'શ્રીપ્રભુના નામસ્મરણમાં તારું બાકીનું જીવન અહીં રહી તું વ્યતીત કર. હંમેશાં હું તારી પાસે આવીશ. ભજનભાવમાં હું તારી સાથે ભળીશ. અહીંયાં રહીને તું જગન્નાથને નમન કર્યા કરી, તારી ભક્તિની ભેટ શ્રીપ્રભુનાં ચરણકમળે હંમેશાં અર્પણ કરજે. પ્રત્યેક દિવસે તને શ્રીપ્રભુનો પ્રસાદ અહીંયાં જ મોકલી આપીશ.' નિત્યાનંદ, જગદાનંદ, દામોદર, મુકુંદ વગેરે વગેરે હરિદાસને મળી આનંદ પામ્યા. હરિદાસ આ સંતભક્તો સાથે પોતાનો ઘણો સમય ભગવદ્ભાવમાં ગાળતા.

## શ્રીચૈતન્યે એમનું રક્ષણ કર્યું

હંમેશાં શ્રીમહાપ્રભુ ગોવિંદ સાથે મહાપ્રભુનો પ્રસાદ એમને મોકલતા. નંદ, ચોખામેળા, રવિદાસ વગેરે એના સમકાલીન સંતભક્તોને જીવનમાં હાડમારીઓ અને દુઃખો ઉચ્ચ ગણાતા સમાજ તરફથી જે વેઠવાં પડ્યાં હતાં, તે સર્વમાંથી હરિદાસ સદ્ભાગ્યે મુક્ત હતા. તેમના સમકાલીન સાધુપુરુષોમાં એમનું માનઆદર સારું હતું. પ્રત્યેકને તે પ્રિય થઈ પડેલા હતા. એ બધાંનું મૂળ કારણ તો શ્રીચૈતન્ય પ્રભુ જ હતા. તેમણે હરિદાસની પ્રભુ ઉપરની શ્રદ્ધા, વિશ્વાસ, ઉત્કટ ભાવના તથા એની ભક્તિને પિછાનીને પોતાની સાથે લીધા હતા અને પોતાનાં સ્વજનોમાંના

એક બનાવ્યા હતા. શ્રીમહાપ્રભુના પ્રેમમાં તો વર્ણાવર્ણનો ભેદ ન હતો. એમનો પ્રેમ સર્વવ્યાપક હતો. તેથી, તે સમાજમાંથી ઊંચાનીચાપણાનું ઝેર ઓછું થઈ ગયું હતું.

## પવિત્ર જગન્નાથપુરીમાં મહાસમાધિ

આ સમયમાં જગન્નાથપુરી સંતભક્ત અને સાધુપુરુષોનું મુખ્ય અને મધ્ય સ્થળ થઈ પડ્યું હતું. નંદને જેમ ચિદંબરમ્, મહારાષ્ટ્રી ભક્તોને જેમ પંઢરપુર, તેમ બંગાળના સંતભક્તોને શ્રીજગન્નાથપુરી હતું. મધ્યકાલીન સમયમાં શ્રીજગન્નાથદેવનું મંદિર બહુ વિખ્યાતિને પામ્યું હતું. તે ઘણા ઘણા દૂરના યાત્રાળુઓને આકર્ષતું. પ્રત્યેક વર્ષ હજારો યાત્રીઓ ત્યાં આવતા, સમુદ્રસ્નાન કરતા અને શ્રીજગન્નાથની પ્રાર્થના કરતા. ત્યાં ઉત્સવ-આનંદ કરતા અને ઉલ્લસિત હૃદયે ઘેર પાછા વળતા. તે સમયમાં વૈષ્ણવ સાધુભક્તોને શ્રીજગન્નાથપુરી વૈકુંઠ સમાન લાગતી. શ્રીજગન્નાથની મૂર્તિને તેઓ હૃદયથી કૃષ્ણ માની એની ભક્તિ કરતા. શ્રીજગન્નાથપુરી, તેની આજુબાજુ આવેલી સુંદર જગાઓ, નાની નાની ટેકરીઓ, દરિયાકિનારો-આ બધાં સ્થળો ભક્તોના દિલમાં શ્રીકૃષ્ણના જીવનના અનેક પ્રસંગોની પવિત્ર ઝાંખી કરાવતાં હતાં. શ્રીચૈતન્ય અને તેના અનુયાયી ભક્તો અને બીજા સંતભક્તો પણ અહીં આવતા અને રહેતા. શ્રીજગન્નાથની સતત ભક્તિમાં બાકી રહેલું આયુષ્ય ત્યાં વ્યતીત કરતા. સ્નાન, પ્રાર્થના, ભજનકીર્તન, મંદિરમાં પ્રભુનાં દર્શન કરવા જવું, પરસ્પર હૃદયથી ભગવત્ ચર્ચા પૂર્ણ ભાવથી કરવી-એવો એવો તેમનો બધાંનો નિત્યક્રમ હતો. ઉત્સવના એવા બીજા પ્રસંગોએ ધાર્મિક સરઘસો

અને ભજનમંડળીઓ નીકળતાં. ભક્તો આવેશમાં આવી જઈને ખૂબ નાચતા. આખા શહેરમાં બધાંના જમ્યા પછી તેઓ (હરિદાસ) પ્રભુપ્રસાદ લેતા. મંદિરના બહારના દરવાજે દૂર ઊભા રહી, તેઓ પ્રાર્થના કરતા અને આખરે એમના આવા ભક્તિમય જીવનનો અંત આવ્યો અને સને ૧૫૩૩ની સાલ પહેલાં તેઓ શ્રીભગવત્ જ્યોતિમાં લય પામ્યા.

●

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.
૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.
૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.
૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.
૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.
૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.
૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.
૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.
૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?
૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.
૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.
૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દૃઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દૃઢતર કર્યા કરો. અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદૃચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, ‘હરિઃૐ’ જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** ‘તુજ ચરણે’ તથા ‘મનને’ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે ‘હરિઃૐ’ જપ અખંડ થયો.

**૧૯૨૮ :** ‘તુજ ચરણે’ ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી ’૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-‘જીવનગીતા’

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિ:ૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

# પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET ('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND ('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle ('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કેન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)

આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.

॥ હરિઃ ૐ ॥

સંતકૃપાથી છૂટે માયા,
કાયા નિર્મળ થાય જોને,
શ્વાસોશ્વાસે સ્મરણ કરતાં,
પાંચે પાતક જાય જોને.

'આશ્રમ ભજનાવલિ', પૃ. ૧૫૧